# માથાભારે શિવા ઝાલા કાન પકડીને બોલ્યો 'હું તો લુખ્ખો છું'

**સોશિયલ મીડિયા પર 'કિંગ' બનવા નીકળેલા ડ્રગ પેડલરનો નોશો પોલીસે ઉતરાવ્યો**

**વકીલને ધમકાવનાર અને જેલમાં મારામારી કરનાર માથાભારે તત્ત્વને સુરત બહાર મોકલવાની તજવીજ**

### જેલમાં આતંક અને અન્ય જેલમાં ટ્રાન્સફરની તૈયારી

શિવા ઝાલા માત્ર જેલની બહાર જ નહીં, પણ જેલના સળિયા પાછળ પણ માથાભારે સાબિત થયો છે. સુરત સબ જેલમાં કાચા કામના કેદી તરીકે હતો ત્યારે તેણે અન્ય કેદીઓ સાથે હિંસક મારામારી કરી જેલ પ્રશાસનની ઊંઘ હરામ કરી દીધી હતી. એટલું જ નહીં, તેણે પોતાના જ વકીલને ધમકી આપી હોવાની વિગતો પણ બહાર આવી છે. શિવાના આ ઉદ્ધત અને ગુનાહિત માનસને જોતા જેલ સત્તાધીશોએ હવે તેને સુરત જેલમાંથી અન્ય કોઈ જેલમાં ખસેડવા (જેલ ટ્રાન્સફર) માટે કોર્ટમાં રિપોર્ટ કરવાની કવાયત તેજ કરી છે. પોલીસે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે રીલ્સના રવાડે ચઢી કાયદો હાથમાં લેનારાઓને કોઈ પણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં.

સુરત : કુખ્યાત ડ્રગ માફિયા શિવા ઝાલા ઉર્ફે શિવરાજસિંહ ઝાલાએ જેલમાંથી બહાર આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર પોતાની ભાઈગીરીનો નશો બતાવવાનો પ્રયાસ કર્યો હતો, જેને ખાખીએ ગણતરીના કલાકોમાં જ ઉતારી દીધો છે. જે રીલ્સમાં શિવા પોતાને દુનિયાનો રાજા ગણાવતો હતો, તે જ શિવાએ પોલીસ કસ્ટડીમાં કાન પકડીને પોતાની 'લુખ્ખાગીરી' સ્વીકારી માફી માંગવી પડી છે.

એસઓજીના ડીસીપી રાજદીપસિંહ નકુમે માહિતી આપતા જણાવ્યું હતું કે ડ્રગ્સના વેપારમાં સંડોવાયેલો શિવા ઝાલા તાજેતરમાં જ જામીન પર મુક્ત થયો હતો. જેલની બહાર પગ મૂકતાની સાથે જ સુધરવાને બદલે તેણે ઈન્સ્ટાગ્રામ પર વિવાદાસ્પદ ડાયલોગ્સ સાથેની રીલ્સ વહેતી કરી હતી. આ રીલ્સમાં તે પોલીસ તંત્રને પડકાર ફેંકતો હોય તેવા અંદાજમાં જોવા મળ્યો હતો. જોકે, SOGની ટીમે તેની શાન ઠેકાણે લાવતા તેને દબોચી લીધો હતો. પોલીસના સકંજામાં આવતા જ શિવાનું શૂરાતન હવામાં ઓગળી ગયું હતું. પોલીસે તેને કાન પકડાવી જાહેરમાં માફી મંગાવી હતી, જ્યાં ધ્રૂજતા અવાજે તેણે કબૂલાત કરી હતી કે, હું પંચશીલ નગરનો સામાન્ય લુખ્ખો છું અને ડ્રગ્સ વેચું છું, હવે પછી ક્યારેય આવી હરકત કે લુખ્ખાગીરી નહીં કરું.

# એરપોર્ટના બગીચામાં ઘાસ કાપતી યુવતીને સાપે ડંખ માર્યો

**મહિલા શ્રમિકને સારવાર માટે તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડાઈ, હાલ તબિયત સ્થિર**

સુરત : શહેરના એરપોર્ટ વિસ્તારમાં શનિવારે સવારે એક ચિંતાજનક ઘટના સામે આવી હતી. સુરત એરપોર્ટના બહાર આવેલા ઉદ્યાન વિસ્તારમાં ઘાસ કાપવાની કામગીરી દરમિયાન એક મહિલા શ્રમિકને સાપે ડંખ મારતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે એરપોર્ટ તંત્રની સતર્કતા અને ત્વરિત સારવારને કારણે મહિલાની હાલત હાલ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, જૈના કંપની હેઠળ શ્રમિક તરીકે ફરજ બજાવતી સુશ્રી પાયલ શનિવારે તા. 9 મે, 2026ના રોજ સવારે અંદાજે 9:25 કલાકે એરપોર્ટના ગાર્ડન વિસ્તારમાં ઘાસ કાપવાની કામગીરી કરી રહી હતી. તે દરમિયાન અચાનક તેમને સાપે ડંખ માર્યો હોવાની ઘટના બની હતી.

ઘટનાની જાણ થતાં જ એરપોર્ટ કન્ટ્રોલ રૂમ દ્વારા તાત્કાલિક એરપોર્ટની મેડિકલ ટીમને જાણ કરવામાં આવી હતી. મેડિકલ ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને મહિલાને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ વધુ સારવાર માટે એમ્બ્યુલન્સ મારફતે તેમને સુરત સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

હાલ મળતી માહિતી મુજબ મહિલા શ્રમિકની તબિયત સ્થિર છે અને તેઓ તબીબોની દેખરેખ હેઠળ સારવાર લઈ રહ્યા છે. ઘટનાને પગલે એરપોર્ટ વિસ્તારમાં કામ કરતા શ્રમિકોમાં થોડા સમય માટે ચિંતા અને ભયનો માહોલ જોવા મળ્યો હતો.

# મંત્રીની ટકોર પછી RMO ડૉ. કેતન નાયકની ઉંઘ ઉડી

**નવી સિવિલ હોસ્પિટલમાં યુદ્ધના ધોરણે સફાઈ અભિયાન**



સુરતઃ રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયા દ્વારા તાજેતરમાં સુરત નવી સિવિલ હોસ્પિટલની કરવામાં આવેલી ઓચિંતી મુલાકાત બાદ હોસ્પિટલ તંત્ર હરકતમાં આવ્યું છે. મંત્રી દ્વારા હોસ્પિટલ પરિસરમાં ગંદકી, તૂટેલી ટાઈલ્સ સહિતની બેદરકારી સામે નારાજગી વ્યક્ત કરી તાત્કાલિક રિપેરિંગ અને સફાઈની સૂચના આપવામાં આવી હતી.

જેના અનુસંધાને નવી સિવિલ હોસ્પિટલમાં વિશેષ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. હોસ્પિટલના વિવિધ વિભાગો, કોરિડોર અને પરિસરમાં સફાઈ કામગીરી સાથે રિપેરિંગ કામ પણ શરૂ કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન હોસ્પિટલના RMO ડૉ. કેતન નાયક ઊભા પગે રહી સમગ્ર કામગીરીનું નિરીક્ષણ કરતા જોવા મળ્યા હતા. તેમણે સફાઈ કર્મચારીઓને જરૂરી માર્ગદર્શન આપીને હોસ્પિટલમાં સ્વચ્છતા અને દર્દીઓને વધુ સારી સુવિધા મળી રહે તે માટે સૂચનાઓ પણ આપી હતી. તેમજ આગામી સમયમાં હોસ્પિટલમાં ગંદકી તેમજ દર્દીઓની સારવારમાં બેદરકારી જરા પણ ચલાવી લેવામાં નહીં આવે તેમ કર્મચારીઓને કડક શબ્દોમાં કહ્યું હતું. હોસ્પિટલમાં અચાનક શરૂ કરાયેલા આ અભિયાનને લઈને દર્દીઓ અને તેમના પરિવારજનોએ પણ સ્વચ્છતા જાળવવા માટે હોસ્પિટલ તંત્રની કામગીરીને આવકારી હતી.

## ચેક રિટર્ન થતાં સાડીનાં વેપારીને સજા

સુરતઃ પાંચ લાખનાં ચેક રિટર્ન કેસમાં સાડીનાં વેપારી પંકજભાઈ દિનેશભાઈ શાહને એક વર્ષની સજા કોર્ટે ફટકારી હતી. ફરીયાદી પારસમલ નાનાલાલ જૈન પાસેથી આરોપીએ હાથ ઉછીના રુપીયા લીધાં હતાં. આ લેણી રકમ પેટે આરોપીએ ફરિયાદીને ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. ફરિયાદી તરફે વકીલ કલ્પેશ એસ. દેસાઈ, વિરલ ચલીયાવાલા, નિસર્ગ દેસાઈ ફરિયાદ પુરવાર કરવામાં સફળ થયા હતા.

## પરિણિતાનાં આપઘાત કેસમાં સાસુની જામીન અરજી નામંજૂર

સુરતઃ પરિણિતાનાં આપઘાત કેસમાં સાસુ ઉર્મિલાબેન મુકેશભાઈ સિદપરાની જામીન અરજી સેશન્સ કોર્ટે નામંજૂર કરી હતી. તારીખ ૧૪/૦૨/૨૦૨૬નાં રોજ ફરિયાદી મિલનભાઈ જયંતિભાઈ બુસા ની બહેન પ્રિયંકાએ ઘરે ગોકુલધામ વેલંજા ખાતે આપઘાત કરી લીધો હતો. બહેનને આત્મહત્યા માટે મજબૂર કરનાર પતિ પ્રતિકકુમાર મુકેશભાઈ સિદપરા, સસરા મુકેશભાઈ નાનજીભાઈ સિદપરા, સાસુ ઉર્મિલાબેન મુકેશભાઈ સિદપરા સામે ઉત્રાણ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાઈ હતી. જેમાં પતિ, સસરા અને સાસુ ની ધરપકડ કરવામાં આવી હતી. સાસુ ઉર્મિલાબેને જામીન પર છૂટવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. સરકાર તરફે એ.પી.પી. આર.પી.ડોબરીયા તથા મૂળ ફરીયાદી તરફે વકીલ હિતેન્દ્ર જાદવ તથા સાગર મોદીએ દલીલ કરી હતી.

## ૧૬ વર્ષે એમ્પોઈઝ પ્રોવિડન્ટ ફંડનાં અધિકારીનો છૂટકારો

સુરતઃ ૧૬ વર્ષ પહેલાં લાંચ કેસમાં પકડાયેલા એમ્પોઈઝ પ્રોવિડન્ટ ફંડનાં એન્ફોર્સમેન્ટ ઓફિસર સુરેશ રાઠોડને સેશન્સ કોર્ટે લાંચના કેસમાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કર્યો હતો. કચી ગામ દમણમાં આવેલ અમર રેમીડીઝ કંપનીમાં ચીફ એકાઉન્ટન્ટ કરણભાઈ લલીતભાઈ શાહએ આરોપી ઓફિસર વિરુદ્ધ એસીબીમાં ફરિયાદ કરી હતી. ઓફિસરે વિઝિટ દરમિયાન મેમો આપી રેકર્ડમાં ઓછા કર્મચારી દર્શાવી ઓછુ પ્રોવિડન્ટ ફંડ જમા કર્યાનો મેમો આપી દંડના અને ૮૦ લાખની પ્રોવિડન્ટ ફંડની રકમ ભરવી પડશે. તેમ કહ્યું હતું. તેમજ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે રિપોર્ટ નીલ કરવા તેમણે દોઢ લાખની લાંચ માંગી હતી. જેથી એસીબીએ તેને ઝડપી લીધો હતો. આરોપી પક્ષે વકીલ કિરીટ સી. પાનવાલા, રોહન પાનવાલાએ દલીલ કરી હતી.

## અમરોલીમાં પરિણીતાનો લગ્નના 6 માસમાં જ આપઘાત

સુરતઃ મૂળ અમરેલીના લાઠી તાલુકાના દામનગર ગામના વતની અને હાલ અમરોલી સૃષ્ટિ રો-હાઉસમાં રહેતા વસંતભાઈ નારોલામાં છ મહિના પહેલાં જ વસંતનાં 25 વર્ષીય પાયલ સાથે લગ્ન થયાં હતાં. પાયલ બે વર્ષ પહેલા લિફ્ટમાંથી નીચે પટકાતાં તેનું અડધું અંગ કામ કરતું બંધ પડી ગયું હતું. જેથી કંટાળી તેણે ઝેર પીને આપઘાત કરી લીધો હતો.

# 23.47 લાખના હીરા લઈ હર્ષદ મહેતા નામનો ઠગ ફરાર

**વરાછાના વેપારી પાસેથી 1682 કેરેટ CVD ડાયમંડ ખરીદ્યા બાદ પેમેન્ટના નામે ઠેંગો બતાવ્યો**

સુરતઃ શેરબજારના બિગબુલ હર્ષદ મહેતાના નામ જેવું જ નામ ધરાવતા અડાજણના એક શખ્સે વરાછાના વેપારી સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરી છે. 1600 કેરેટથી વધુના CVD રફ હીરા ખરીદ્યા બાદ તેનું પેમેન્ટ ચૂકવ્યા વગર અને અવનવા બહાના બતાવી આ ઠગબાજ હર્ષદ મહેતા વેપારીને રોવડાવીને નાસી છૂટ્યો છે. આ મામલે અશ્વિનીકુમાર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વરાછા કસ્તુરબા સોસાયટીના સહયોગ એપાર્ટમેન્ટમાં રહેતા રશ્મિનભાઈ તુલશીભાઈ જાસોલિયા વરાછાના એ.કે. રોડ પર કાકા ડી.એમ. બિલ્ડિંગમાં ડાયમંડનું કામકાજ કરે છે. તુલશીભાઈ પાસે ગત નવેમ્બર માસમાં આરોપી હર્ષદભાઈ ચીનુભાઈ મહેતા (રહે. સ્તૃતિ રેસિડેન્સી, પાલ, અડાજણ) આવ્યો હતો. આરોપી હર્ષદે વેપારી પાસેથી 1682.27 કેરેટ સી.વી.ડી. રફ હીરાનો માલ 15.15 ડોલર પ્રતિ કેરેટના ભાવે ખરીદ્યો હતો. જેની કુલ કિંમત 25,486.39 ડોલર એટલે કે ભારતીય ચલણ મુજબ અંદાજે રૂ. 23,47,893/- જેટલી થતી હતી.ઠગબાજ હર્ષદ મહેતાએ વિશ્વાસ કેળવવા માટે હીરાની ખરીદી સમયે કાચી ચિઠ્ઠી બનાવી આપી હતી. જોકે, પેમેન્ટનો સમય આવ્યો ત્યારે તે વારંવાર વાયદા કરવા લાગ્યો હતો. છેલ્લા છ મહિનાથી વેપારીને અંધારામાં રાખી, સમય પસાર કરી આખરે હર્ષદે પોતાનો મોબાઈલ ફોન બંધ કરી દીધો હતો અને ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા વેપારી રશ્મિનભાઈએ પોલીસના દ્વાર ખખડાવ્યા હતા.અશ્વિનીકુમાર પોલીસે આ મામલે છેતરપીંડીનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## ગરમીમાં ઠંડક મેળવવા માટે પક્ષીઓના વલખાં



■ સુરતમાં તાપમાન 41 ડિગ્રીને પાર કરી ગયું છે. બપોરના સમયે તો ઘરની બહાર નીકળવું પણ દુષ્કર બની ગયું છે. ત્યારે અબોલ પંખીઓની ગરમીમાં હાલત ખરાબ થઇ ગઇ છે. માણસ તો એસી કે કુલરનો સહારો લઇ શકે છે પરંતુ પંખીઓએ માત્ર પાણીનો જ સહારો લેવો પડે છે જેથી કાગડાઓ કૂંડામાં ડૂબકી લગાવીને ઠંડક મેળવી રહ્યાં છે. (તસવીર : સતીષ જાદવ)

### લિફ્ટ વગરની બહુમાળી ઈમારતો દિવ્યાંગ કેવી રીતે ચડશે?

# SMCએ દિવ્યાંગ શિક્ષકોને વસ્તી ગણતરીનું ફિલ્ડવર્ક સોંપ્યું!

**રજૂઆત કરવા ગયેલા કર્મચારીઓ સાથે અધિકારીનું અસંવેદનશીલ વર્તન**

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા આગામી વસ્તી ગણતરી માટે હાથ ધરાયેલી નિમણૂક પ્રક્રિયામાં માનવીય અભિગમનો અભાવ વર્તાતા મોટો વિવાદ સર્જાયો છે. મનપાએ વ્હીલચેર પર રહેલા અને ચાલવામાં અક્ષમ એવા અનેક દિવ્યાંગ કર્મચારીઓને ઘરે-ઘરે જઈ માહિતી એકત્રિત કરવાની કઠિન ફિલ્ડ ડ્યુટીના ઓર્ડર પકડાવી દીધા છે. આ મામલે જ્યારે દિવ્યાંગ શિક્ષકો અને સામાજિક કાર્યકર હિંમતભાઈ કાપુરે રજૂઆત કરવા પહોંચ્યા, ત્યારે જવાબદાર અધિકારી સુનીલભાઈએ અત્યંત અમાનવીય અને ઉદ્ધત વ્યવહાર કરતા જણાવ્યું હતું કે, 'ઓર્ડર કેન્સલ નહીં થાય, તમારે જે કરવું હોય તે કરી લો અને ગાંધીનગર જવું હોય તો જાઓ.' અગાઉ મૌખિક આશ્વાસન આપ્યા બાદ પણ અધિકારીએ આવું વલણ અપનાવતા દિવ્યાંગ કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

દિવ્યાંગોએ વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, સુરત જેવા શહેરમાં લિફ્ટ વગરની બહુમાળી ઈમારતો, સાંકડી ગલીઓ અને કાચા રસ્તાઓ પર ફિલ્ડ ડ્યુટી કરવી તેમના માટે શારીરિક રીતે અશક્ય છે. સામાજિક કાર્યકરોએ આક્ષેપ કર્યો છે કે અધિકારીઓ દિવ્યાંગતાના રીમાર્ક ન હોવાનું બહાનું કાઢી કાયદાઓનું ઉલ્લંઘન કરી રહ્યા છે. જોકે, વિવાદ વધતા અધિકારી સુનીલભાઈએ બચાવ કરતા કહ્યું હતું કે ઓર્ડર રદ કરવાની ના નથી પાડી, પણ તેની પ્રક્રિયા જટિલ છે અને અરજી આપ્યા બાદ નામ દૂર કરી દેવાશે.

# દુષ્કર્મના કેસમાં AAP પ્રવક્તા કાળુ વઘાસિયાની ધરપકડ

**ફરિયાદ કરીશ તો આપઘાત કરી ફસાવી દેવાની આપી હતી ધમકી**



સુરત : સુરતના રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચાવનાર દુષ્કર્મ અને ધમકીના કેસમાં છેલ્લા એક મહિનાથી પોલીસને હંફાવતા આમ આદમી પાર્ટીના પ્રવક્તા કાળુ વઘાસિયાને આખરે ખાખીનો ગાળિયો ભીંસાઈ ગયો છે. લસકાણા પોલીસે બાતમીના આધારે ઓપરેશન પાર પાડીને આ 'સફેદપોશ' લંપટ નેતાની ધરપકડ કરી છે. આરોપીએ વિધવા મહિલાને લગ્નની લાલચ આપી અનેકવાર હવસનો શિકાર બનાવી હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

મૂળ અમરેલીના બગસરાના વતની અને સુરતમાં રહી રાજકીય વગ ધરાવતા કાળુ ચતુરભાઈ વઘાસિયાએ ડિસેમ્બર ૨૦૨૪માં એક મહિલાનો સંપર્ક સોશિયલ મીડિયા પર કર્યો હતો. પોતાની રાજકીય છાપનો ઉપયોગ કરી કાળુએ ભોળી મહિલાને વિશ્વાસમાં લીધી હતી.

પત્ની પિયરમાં રહે છે અને પોતે તેને છૂટાછેડા આપી મહિલા સાથે લગ્ન કરશે તેવી મીઠી વાતોના જાળમાં ફસાવી કાળુએ પીડિતાને અલગ-અલગ હોટલો અને પોતાના ઘરે લઈ જઈ અવારનવાર શારીરિક શોષણ કર્યું હતું. જ્યારે મહિલાએ કાળુ પર લગ્ન કરવા માટે દબાણ કર્યું, ત્યારે નરાધમ પોતાની અસલી ઓળખ પર ઉતરી આવ્યો હતો. તેણે લગ્ન કરવાનો ઈનકાર તો કર્યો જ, પણ સાથે સાથે મહિલા અને તેના પુત્રને પતાવી દેવાની ધમકી આપી હતી. હદ તો ત્યારે થઈ જ્યારે કાળુએ પોલીસ ફરિયાદ ટાળવા માટે બિલ્ડર તુષાર ઘેલાણીના આપઘાત કેસનો હવાલો આપીને ધમકી આપી હતી કે, "જો તું પોલીસમાં જઈશ, તો હું તુષાર ઘેલાણીની જેમ ગોળી મારીને મરી જઈશ અને તારું જીવવું હરામ કરી નાખીશ."આ મામલે ગત ૧૦ એપ્રિલ ૨૦૨૬ના રોજ લસકાણા પોલીસ મથકમાં કાળુ વઘાસિયા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૬૯, ૩૫૧(૨), ૩૫૨ અને ૧૧૫(૨) મુજબ ગુનો નોંધાયો હતો. ત્યારથી આરોપી નાસતો-ફરતો હતો. જોકે, લસકાણા પોલીસની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે ડાયમંડ નગર સર્વિસ રોડ પાસેથી આરોપીને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

## પીપલોદની કારના શોરૂમના કર્મચારી સાથે 1.21 લાખની ઠગાઇ

સુરતઃ પાંડેસરાના રહેવાસી સાથે ઠગાઇ થતાં મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે. પાંડેસરાના પોલીસ કોલોની પાસે રહેતા અને વ્યવસાયે ડ્રાઈવર રાજકુમાર બુદ્ધશેન પટેલને નવી અર્ટિગા ગાડી ખરીદવી હતી. આ માટે તેઓ પીપલોદ ખાતે આવેલા 'કટારિયા મારુતિ સુઝુકી' શો-રૂમમાં ગયા હતા. ત્યાં તેમની મુલાકાત શો-રૂમમાં નોકરી કરતા રાકીમ મુશીર આલમ આઝમી (રહે.,તિરૂપતિનગર, ઉન) સાથે થઈ હતી. રાકીમે જલદી ગાડી અપાવવાની લાલચ આપી રાજકુમારભાઈને વિશ્વાસમાં લીધા હતા. ગત ૨૬ ફેબ્રુઆરી-૨૦૨૫થી ૧૮ એપ્રિલ-૨૦૨૫ દરમિયાન, આરોપી રાકીમે ગાડીના એડ્વાન્સ પેટે ટુકડે-ટુકડે કુલ રૂ.૧,૨૧,૦૦૦ પોતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. ત્યારબાદ પણ નાણા પરત નહીં કરીને છેતરપિંડી કરતાં પોલીસે રાકીમ મુશીર આઝમી સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

# અભિનવ ગોલ્ડના અનિલ બિરલાની જામીન અરજી ફગાવતી હાઈકોર્ટ

**વર્ષ-૨૦૧૧મા અડાજણ સ્થિત અભિનવ ગોલ્ડની ઓફિસમાં શટલ પડી ગયાં અને અનેક રોકાણકારોના કરોડો સલવાયા**

### સુરતનાં ૧૧૪ લોકોનું ૧૦.૨૩ કરોડનું કરી નાંખી શટર પાડી દીધા હતા

સુરતનાં રોકાણકારોને રાતા પાણીએ રડાવનાર અભિનવ ગોલ્ડના સંચાલકો વિરુદ્ધ ૨૦૧૧માં સુરત ક્રાઇમ બ્રાન્ચમા રૂ. ૧૦,૨૩,૮૦,૨૩૦ની વિશ્વાસઘાત છેતરપીંડીની ફરિયાદ નોંધાઇ હતી. જેમાં વિવિધ ગોલ્ડ સ્કીમના નામે ૧૧૪ વ્યક્તિને રોકાણ કરાવી અડાજણ ભુલકાભવન સ્કૂલની પાસે આવેલી અભિનવ ગોલ્ડની ઓફિસનાં શટર પાડી દેવાયાં હતાં. આ કેસમાં મૂળ ફરિયાદી રાકેશ ધનસુખલાલ રાજજોષી( સિલ્વર પ્લાઝા એપાર્ટમેન્ટ, આનંદ મહેલ રોડ, અડાજણ )એ જામીન અરજીનાં વિરુદ્ધમાં એફિડેવિટ રજૂ કરી હતી. જેમાં જણાવાયું હતું કે આરોપી અનિલ બિરલા અભિનવ ગોલ્ડ ઇન્ટરનેશનલ માર્કેટિંગ પ્રાઇવેટ લિમિટેડ નામની કંપનીના મેનેજિંગ ડિરેક્ટર છે. અરજદાર આરોપી સાથે અન્ય આરોપી મુરલીધર શંકરલાલ બિરલા અને રોહિતભાઈ ડાહ્યાભાઈ ઠક્કર પણ આ ગુનામાં સંડોવાયેલા છે. આ કંપનીનું સંચાલન રાજસ્થાનના ભીલવાડાથી થતું હતું. સોનું બુક કરાવવાની આ લેભાગું સ્કીમમાં રૂ. ૫૦ કરોડનું કૌભાંડ કરાયું હતુ.જેમાં અંદાજે ૨૦ થી ૨૫ હજાર લોકોનાં રૂપીયા સલવાયાં હતા. જેમાં ફરિયાદીએ સ્કીમમાં આશરે ૧૮ આઈડી લીધા હતા, કુલ રોકાણ રૂ. ૧,૭૮,૦૨,૦૦૦ જેટલું હતુ. એવી જ રીતે અશોકકુમાર નારણભાઈ આહિરના ૧૪ આઈડીમાં રોકાણ રૂ. ૯,૨૭,૬૬,૦૦૦, મુકેશભાઈ જી. પલસાણાવાલાના ૧૦ આઈડીમાં રૂ. ૧,૧૮,૨૦,૦૦૦ અને સંદીપભાઈ એમ. પારેખના ૧૦ આઈડીમાં રૂ. ૫૪,૭૧,૯૯૩ નું રોકાણ હતું.

સુરતઃ અડાજણ ભુલકાભવનની બાજુમાં અભિનવ ગોલ્ડનાં નામે કરોડો રૂપિયાનુ કરી જનાર કંપનીના સંચાલકો પૈકી આરોપી અનિલ બિરલાની જામીન અરજી હાઈકોર્ટે નામંજૂર કરી હતી. અભિનવ ગોલ્ડ ઈન્ટરનેશનલ માર્કેટિંગ પ્રા. કંપનીનાં નામે આરોપીઓએ લોકોને લોભામણી સ્કીમો બતાવી કરોડો રૂપિયાનુ રોકાણ મેળવ્યું હતું. ત્યારબાદ આ કંપનીની અડાજણ સ્થિત ઓફિસનાં શટર પાડી તમામ ફરાર થઈ ગયા હતા. તે સમયે ડીસીબીમાં ગુનો નોંધાતા તે ૧૫ વર્ષથી ફરાર હતો. અનિલ બિરલાની વર્ષ ૨૦૨૫માં ધરપકડ કરવામાં આવી હતી. જેમાં ચાર્જશીટ ફાઈલ થયા પછી ટ્રાયલ કોર્ટ દ્વારા આરોપીની જામીન અરજી નકારવામાં આવી હતી.

# 'સત્તાનો અહંકાર છોડી જનસેવા કરો, 5 વર્ષે જનતા હિસાબ માંગશે'

**હર્ષ સંઘવીની નવચૂંટાયેલા પ્રતિનિધિઓને ટકોર**

સુરતઃ સુરતના મજૂરા વિધાનસભા વિસ્તારમાં આયોજિત 'જનસેવા સાથે ઉપહાર વિતરણ' કાર્યક્રમમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ નવા ચુંટાયેલા કોર્પોરેટરોને સલાહhઆી હતી.

'જનસેવા સાથે ઉપહાર વિતરણ' કાર્યક્રમમાં તેમણે પોતાને મળેલી તમામ ભેટ-સોગાદો જનતાને પરત અર્પણ કરતા 'ડ્રો સિસ્ટમ' દ્વારા વડીલોના હસ્તે પારદર્શક રીતે તેનું વિતરણ કર્યું હતું.

પ્રોટોકોલ બાજુ પર મૂકીને તેમણે સમાજના વડીલોને સન્માન આપ્યું અને કાર્યકર્તાઓ સાથેના વ્યસ્ત શિડ્યુલને કારણે ક્યારેક ન મળી શકવા બદલ જાહેરમાં માફી માંગી હતી. સંઘવીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, જનતાનો પ્રેમ જ મારી અસલી મૂડી છે અને આ ભેટ સોગાદો પર જનતાનો જ અધિકાર છે.

આ પ્રસંગે તેમણે કોર્પોરેટરો અને પદાધિકારીઓને કડક શબ્દોમાં શિખામણ આપતા કહ્યું હતું કે, પદનો ભાર મગજ પર રાખીને નાગરિકો સાથે તોછડાઈભર્યું વર્તન ન કરવું જોઈએ. તેમણે ચેતવણી આપી હતી કે મારા જેવા અનેક લોકો પદ પર આવ્યા અને ગયા, પણ જો લોકસેવામાં ચૂક થશે તો સંગઠન અને જનતા પાંચ વર્ષ પછી ચોક્કસપણે હિસાબ લેશે. કાર્યકર્તાઓની મહેનતથી જ નેતા જીતતા હોય છે, માટે સત્તાના અહંકારમાં રાચવાને બદલે પાયાના કાર્યકર્તાઓ અને સામાન્ય જનતાની સમસ્યાઓને પ્રાધાન્ય આપવું જરૂરી છે.

યુવાનોને વડીલોના માર્ગદર્શન હેઠળ રહીને નમ્રતાથી કામ કરવાની શીખ આપી તેમણે લોકશાહીમાં લોકસંપર્કનું મહત્વ સમજાવ્યું હતું.

### ચેમ્બરના ત્રિદિવસીય સુરતના 'વેલ્થ એક્સ્પો-2026'નું સમાપન

# "ઉદ્યોગકારો 'વેલ્થ ક્રિએટર' બને તે આવકારદાયક છેઃ હર્ષ સંઘવી

**રોકાણકારો 'જલદી' પૈસા બનાવવાને બદલે 'વધારે' પૈસા બનાવવા પર ધ્યાન આપેઃ વિકાસ ખેમાણી**



સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI) અને જિતો (JITO) સુરત દ્વારા આયોજિત ત્રણ દિવસીય 'વેલ્થ એક્સ્પો 2026'નું રવિવારે ઉત્સાહભેર સમાપન થયું હતું. એક્સ્પોના અંતિમ દિવસે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને સુરતના આર્થિક વિકાસને નવી ગતિ આપતાં આ આયોજનને બિરદાવ્યું હતું.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉદ્યોગકારોને સંબોધતા કહ્યું કે, "ઉદ્યોગકારો 'વેલ્થ ક્રિએટર' બને તે આવકારદાયક છે, પણ રોજગારી આપતા પોતાના મૂળ ઉદ્યોગ અને સામાજિક જવાબદારીને ન ભૂલે." તમે અનેક લોકોને રોજગારી પૂરી પાડતા પ્રોવાઈડર્સ છો. વેલ્થ ક્રિએટર બનો તે સારી વાત છે, પણ રોજ સવારે 9થી 3:30 સ્ક્રીન સામે બેસી રહેવાને બદલે તમારા મૂળ ઉદ્યોગ અને તેની સાથે જોડાયેલા શ્રમિકોના જીવનને બહેતર બનાવવા-વધુ રોજગારી સર્જન પર પણ ધ્યાન આપો."

ચેમ્બરના પ્રમુખ નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બરનો આ પ્રથમ પ્રયાસ હોવા છતાં તેને અપેક્ષાથી વધુ જોરદાર પ્રતિસાદ મળ્યો છે. આ પ્રસંગે જિતો સુરતના મિલન પરીખ, જાણીતા હીરા ઉદ્યોગપતિ સેવંતીભાઈ શાહ, પૂર્વ ડેપ્યુટી મેયર નીરવ શાહ, ચેમ્બરના ઉપપ્રમુખ અશોક જીરાવાલા, માનદ મંત્રી બિજલ જરીવાલા, પૂર્વ પ્રમુખ રમેશ વઘાસિયા અને અન્ય મહાનુભાવો સહિત મોટી સંખ્યામાં રોકાણકારો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વારી ગ્રુપના ચેરમેન હિતેશ દોશી અને આઈઆઈએફએલ હોલ્ડિંગ્સ લિમિટેડના સ્થાપક ચેરમેન નિર્મલ જૈને પણ રોકાણકારોને માર્ગદર્શન આપ્યું હતું.

# સારોલીની માર્કેટમાં બે વેપારી સાથે રૂ. 30.79 લાખની ઠગાઈ

**બાલાજી ફેશનના પ્રોપાયટરે ગ્રે-કાપડ મંગાવી 20.43 લાખ પચાવ્યા**

**માતેશ્રી ટેક્સટાઈલના માલિક અને દલાલે 14.36 લાખની ઠગાઈ આચરી**

સુરતઃ સરથાણા વિસ્તારમાં રહેતા અને 'લીઓસાગી ટ્રેડલિંક' નામે વેપાર કરતા મિતેશ હરિભાઈ પટેલે ખટોદરાના વેપારી અમીત કિશોરભાઈ મીસ્ત્રી (બાલાજી ફેશન) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. વર્ષ-૨૦૨૪માં અમીત મીસ્ત્રીએ એક પ્રતિષ્ઠિત વેપારી તરીકે ઓળખ આપી મિતેશભાઈ પાસેથી રૂ.૩૨,૧૯,૨૮૮નો ગ્રે-કાપડનો માલ ખરીદ્યો હતો, જેમાંથી ૧૧.૭૬ લાખ ચૂકવ્યા બાદ બાકીના ૨૦.૪૩ લાખ પેટે વાયદા કર્યા હતા. આરોપીએ ૪ લાખનો ચેક આપ્યો હતો, જે બેંકમાં 'ફંડ ઈન્સફીસીઅન્ટ' ના શેરા સાથે પરત ફર્યો હતો. હાલ આ મામલે કોર્ટમાં કેસ ચાલતો હોવા છતાં બાકીના ૧૬.૪૩ લાખ ન ચૂકવી વેપારીએ છેતરપિંડી આચરી છે.

બીજા બનાવમાં 'મહાવીર યાન પ્રા.લિ.' ફર્મના વિજયકુમાર બોથરાએ મુંબઈના ઠગબાજો સામે ફરિયાદ નોંધાવી છે. દાદર (મુંબઈ) ખાતે 'માતેશ્રી ટેક્સટાઈલ' ચલાવતા ફતેહસીંગ અને દલાલ સુરેંદર સુરાનાએ મીઠી-મીઠી વાતો કરી વેપારીને વિશ્વાસમાં લીધા હતા. વર્ષ-૨૦૨૧થી ૨૦૨૫ દરમિયાન આરોપીઓએ ટુકડે-ટુકડે કુલ રૂ.૧.૪૮ કરોડથી વધુનો પોલિસ્ટર ફિનિશ્ડ કાપડનો માલ મંગાવ્યો હતો. જેમાંથી મોટા ભાગનું પેમેન્ટ કરી ૧૪.૩૬ લાખ રૂપિયા બાકી રાખ્યા હતા. વેપારી જ્યારે ઉઘરાણી માટે પહોંચ્યા ત્યારે આરોપીઓ પોતાની દુકાન ખાલી કરી ઉઠામણું કરી ભાગી ગયા હોવાનું બહાર આવ્યું હતું.